કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જા.નં. ૫૪૯૬ તા.૨૭/૭/૨૦૨૧

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી,
તમામ શાળાઓ,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

વિષય :- શારિરીક અશક્ત વ્યકિતઓ માટે વિકલાંગ/અપંગ/અશક્તના સ્થાને "દિવ્યાંગજન" શબ્દ પ્રયોજવા બાબત.
સંદર્ભ :- મે. નાયબ સચિવ સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ ના પરિપત્ર ક્રમાંક : અપંગ /૧૦૨૦૧૬/૬૮૦૬૬/ છ-૧/, તા. ૦૧/૦૬/૨૧.

જત ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્રના અનુસંધાને જણાવવાનું કે,સંયુક્ત રાષ્ટ્રના કન્વેશન ઓન ધ રાઈટ ઓફ પબ્લીક વીથ ડીસએબીલીટી ( UNCRPD) માં ભારત સહી કરતા સભ્ય છે.તથા તેને અનુસરીને ભારત સરકાર દ્વારા The Rights of Persons with Disabilities act, 2016 અમલમાં મુકવામાં આવ્યો છે. આ કાયદા દ્વારા દિવ્યાંગોને સન્માનપુર્વક અને ગૌરવમય જીવન જીવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. દિવ્યાંગો માટે વિકલાંગ/અપંગ/અશક્ત વગેરે જેવા શબ્દોનો ઉપયોગ કરવો એ RPwD Act, 2016 તથા UNCRPD મુજબ વિસંગત તથા અપરાધ છે. કાયદા મુજબ ગુજરાત રાજ્યમાં શારિરીક અશક્ત વ્યકિતો માટે ગુજરાતી ભાષામાં " દિવ્યાંગજન/દિવ્યાંગ તથા અંગ્રેજીમાં "Physical Handicapped/ Disabledના સ્થાને " persons with disabilities" શબ્દ પ્રયોગ કરવાની સુચના પરીપત્રમાં આપવામાં આવેલ છે. જેથી વિકલાંગ જેવા શબ્દ ન વપરાય તે બાબતે વિશેષ કાળજી લઈ, ડોક્યુમેન્ટ,યોજનાઓ કાર્યક્રમ વગેરેમાં દિવ્યાંગોનું યોગ્ય સન્માન જળવાઈ રહે તે રીતે યોગ્ય "દિવ્યાંગ" શબ્દ પ્રયોજીત કરવા આથી સુચના આપવામાં આવે છે. આ પત્રની જાણ શાળાના દરેક કર્મચારીને વંચાવી તેમની સહી લઈ પત્ર દફતરે કરવો.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત

**બિડાણ :-** મે. નાયબ સચિવ સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ ગાંધીનગરનો પરીપત્ર સામેલ છે.
**સવિનય નકલ રવાના :-**પ્રતિ, અધ્યક્ષશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત તરફ જાણ સારૂ.
**નકલ રવાના :-** પ્રતિ, ઈ.ચા ઉપશાસનાધિકારી અને તમામ નિરીક્ષકશ્રીઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત તરફ જાણ તથા અમલ કરવા અને કરાવવા સારૂ.

શારિરીક અશક્ત વ્યક્તિઓ માટે "દિવ્યાંગજન" શબ્દ પ્રયોજવા બાબત તથા યોજનાઓના નામ સુધારવા બાબત

ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૬/૬૮૦૬૬/છ.૧
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧/૦૬/૨૦૨૧

- 5 JUN 2021
239335

વંચાણે લીધા:-

(૧) ભારત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયનો તા.૦૫.૦૭.૨૦૧૮નો પત્ર ક્રમાંક:-39-05/2018-DD-III.

(૨) The Rights of Persons with Disabilities act, 2016.

આમુખ:

સંયુક્ત રાષ્ટ્રના કન્વેશન ઓન ધ રાઇટ ઓફ પબ્લીક વીથ ડીસએબીલીટી (UNCRPD)માં ભારત સહીકર્તા સભ્ય છે તથા તેને અનુસરીને ભારત સરકાર દ્વારા The Rights of Persons with Disabilities act, 2016 અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાયદા દ્વારા દિવ્યાંગોને સન્માનપૂર્વક અને ગૌરવમય જીવન જીવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. દિવ્યાંગો માટે વિકલાંગ/અપંગ/અશક્ત વગેરે જેવાં શબ્દોનો ઉપયોગ કરવો એ RPwD Act, 2016 તથા UNCRPD મુજબ વિસંગત તથા અપરાધ છે.

વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ભારત સરકારના પત્રથી દિવ્યાંગો માટે વિકલાંગ જેવા શબ્દ ન વપરાય તે બાબતે વિશેષ કાળજી લઇ, ડોક્યુમેન્ટ, યોજનાઓ, કાર્યક્રમ વગેરેમાં યોગ્ય દિવ્યાંગોનું સન્માન જળવાઇ રહે તે રીતે શબ્દપ્રયોગ કરવા સૂચના આપેલ છે.

પરિપત્ર :-

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલ ક્રમ (૧)ના સૂચન મુજબ તથા વંચાણે લીધેલ ક્રમ (૨)ના કાયદા મુજબ ગુજરાત રાજ્યમાં શારિરીક અશક્ત વ્યક્તિઓ માટે ગુજરાતી ભાષામાં વપરાતા શબ્દ "વિકલાંગ"ના સ્થાને "દિવ્યાંગજન/ દિવ્યાંગ" તથા અંગ્રેજીમાં Physical Handicapped/ Disabledના સ્થાને "Persons with Disabilities" શબ્દ પ્રયોગ કરવાની સૂચના આથી પરિપત્રિત કરવામાં આવે છે.

જે મુજબ દિવ્યાંગોનો ઉલ્લેખ હોય તેવી વિભાગોની યોજનાઓ, દૈનિક અખબાર પત્રો, ડોક્યુમેન્ટ, કાર્યક્રમો તથા જ્યાં પણ વિકલાંગ/અશક્ત/અપંગ જેવા શબ્દોનો પ્રયોગ થતો હોય તેના સ્થાને "દિવ્યાંગ" શબ્દ પ્રયોજવાનું આથી પરિપત્રિત કરવામાં આવે છે.

સં. સર્વે શાખા | HOD
04/06/21

Inform to all
AO Shri (MSB)

જાવક નંબર એમ. એસ. બી......
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત તા.

ઈનવર્ડ નં....1083....
તા..21/06/2021..

આ હુકમો વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૦૯/૦૩/૨૦૨૧ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રી/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રીના અંગત સચિવશ્રી, સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લાના કલેકટરશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સેકશન અધિકારીશ્રી, સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ- ૨૦૨૧

**ન.સા.રવાના : મા.મ્યુનિ.કમિશનરશ્રી પ્રતિ... જાણ સારૂં.**
**ન.સ.રવાના : તમામ વિભાગીય વડાશ્રી/ ડીનશ્રી(સ્મીમેર)/ મુખ્ય અન્વેષકશ્રી/ મ્યુનિ.સેક્રેટરીશ્રી પ્રતિ,... જાણ સારૂં.**
**ન.રવાના : તમામ કાર્યપાલક ઈજનેર–પર્સોનેલ ઓફીસરશ્રી / તમામ ખાતાધિકારીશ્રી / કમિશનરશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી પ્રતિ,... જાણ તથા અમલ થવા સારૂ.**

**નં.જીએડી/ઈએસટી/ ૧૭૦૯**
**તા.૨૧/૦૬/૨૦૨૧**

**ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા.**